## THE DIVINE FORCE

... ... ...

**... Lord,** Thy force will penetrate all life and create in it the effective strength which never fails, the divine power which is invincible, and , above every contrast and contradiction, it will establish in all Thy mastering energy which is the supreme will.

– The Mother

'Prayers and Meditations'
September 10, 1914

## પ્રભુની શક્તિ

... ... ...

**... પ્રભુ,** તારી શક્તિ, સૌનાં જીવનમાં પ્રવેશ કરશે અને તેમની અંદર એવી અસરકારક શક્તિ પેદા કરશે જે કદી પણ નિષ્ફળ ન જાય, એવું દિવ્ય બળ ઉત્પન્ન કરશે જે અવિજયી હશે, અને સૌથી વધારે તો, સૌ વિષમતાઓ અને વિરોધો હોવા છતાં એ સૌમાં તારી પ્રભુતાનું સ્થાપન કરતી શક્તિને મૂકશે જેમાં તારો પરમ સંકલ્પ રહેલો હશે.

– શ્રી માતાજી

'પ્રાર્થનાઓ અને ધ્યાન'
૧૦ સપ્ટેમ્બર, ૧૯૧૪

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● October 2023
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2023**
**OCTOBER**
૧ ઑક્ટોબર, ૨૦૨૩

## – A GUARDIAN FORCE –
## – એ શક્તિ જગરક્ષિકા –




**We must be always**, solely and exclusively, the servitors of the Divine.

With my blessings
- The Mother

31 October 1954

**આપણે કાયમ એકમાત્ર પ્રભુના જ** સંનિષ્ઠ અને અનન્ય સેવકો બની રહેવું જોઈએ.

મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

૩૧ ઑક્ટોબર ૧૯૫૪

## આશિષ પ્રસાદ

આશ્રમમાં દર્શન તેમજ પૂજાના દિવસોએ શ્રી માતાજી બધાંને 'આશિષપ્રસાદ' વહેંચતાં. આ 'આશિષપ્રસાદ'માં 'સાવિત્રી'ની પંક્તિઓ પણ મૂકવામાં આવતી.

૨૬-૯-૫૨ (દુર્ગાષ્ટમી)

રાજંતી શસ્ત્રથી સજ્જ, ખડ્ગ ને પાશ ધારતી
શક્તિ ગૂઢ મહા જેની ન કોઈ જાદુમાં વસી,
બહુરૂપા છતાં એકા બેઠી એ, શક્તિ રક્ષિકા :
રક્ષાર્થે નિજનો ઊર્ધ્વ બાહુ વિસ્તારતી રહી.
ત્યાં એના ચરણો હેઠે એહનું શુચિ વાહન
હતું એક પશુ પોઢ્યું આદ્યા કો વિશ્વ શક્તિનું
પ્રતીક મૂર્તમામ્, જાણે પુંજ કો શક્તિનો ત્યહીં
અગ્નિ-ભારેલ નેત્રોએ ઢળેલો શાંત ત્યાં હતો.
અને ત્યાં સઘળું વિશ્વ મહા સ્વર્ગીય ઊર્ધ્વ કો
રૂપમાં પલટો પામ્યું : શ્યામ ઘોર અચિત્ તણી
ભાંગતા આંધળી મૂંગી ભીંતને, ભૂંસી નાખતાં
અવિદ્યા-વર્તુળો સર્વે દેવો ને શક્તિઓ ત્યહીં
જ્યોતિર્મય પ્રભાવંતાં પ્રગટી વેગમાં રહ્યાં.
અને આત્મતણા સર્વ અંગોઅંગે અહા કશા
રોમાંચો હર્ષના જાગ્યા, સુખની ભરતી પરે
ભરતી ચડતી આવી સભરે ભરતી બધું.
પ્રત્યેક ઘટના મધ્યે એનો હસ્ત રહ્યો દિસી,
પ્રત્યેક દેહના કોષે, પ્રત્યેક અંગ એહનો
સ્પર્શ હા ઊતર્યો કોઈ મહતી અનુભૂતિનો.

'સાવિત્રી'ના કાવ્યખંડો - પૃ. ૪૬૧

## Durga ...

Armed, bearer of the weapon and the sign
Whose occult might no magic can imitate,
Manifold yet one she sat, a guardian force :
A saviour gesture stretched her lifted arm,
And symbol of some native cosmic strength,
A sacred beast lay prone below her feet,
A silent flame-eyed mass of living force.
All underwent a high celestial change :
Breaking the black Inconscient's blind mute wall,
Effacing the circles of the Ignorance,
Powers and divinities burst flaming forth;
Each part of the being trembling with delight
Lay overwhelmed with tides of happiness
And saw her hand in every circumstance
And felt her touch in every limb and cell :

*(Savitri : book 7, canto 5, page 528-529.)*

'સાવિત્રી'ના કાવ્યખંડો - પૃ. ૪૬૦.